# પ્રકરણ : ૧

# તાપી જિલ્લાનો સામાજિક,સાંસ્કૃતિક,ભૌગોલિક અને ઐતિહાસિક પરિચય

## ૧.૧ તાપી જિલ્લાનો સામાન્ય પરિચય

તાપી નદીના નામ પરથી પોતાનું નામકરણ પામેલા તાપી જિલ્લાની રચના ૨૭ સપ્ટેમ્બર,૨૦૦૭ના રોજ કરવામાં આવી હતી.શરૂઆતમાં તેમાં કુલ પાંચ તાલુકાઓ વ્યારા,વાલોડ,સોનગઢ,ઉચ્છલ અને નિઝરનો સમાવેશ કરવામાં આવ્યો હતો.હાલમાં ડોલવણ અને કુકરમુંડા નામના બે નવા તાલુકાની રચના કરવામાં આવી છે.આમ,કુલ સાત તાલુકા અને ૫૨૧ જેટલા ગામોના એકીકરણથી નિર્મિત થયેલા આ જિલ્લાનો કુલ વિસ્તાર ૩૨૩૯ ચો.કિ.મી. છે.વ્યારા નગર તેનું વડું મથક છે.અહીં ૪,૦૨,૧૮૮ પુરૂષો અને ૪,૦૪,૮૩૪ સ્ત્રીઓ મળીને કુલ ૮,૦૭,૦૨૨ લોકો વસવાટ કરે છે.આમ અહીં ૧૦૦૦ પુરૂષોએ ૧૦૦૭ સ્ત્રીઓ છે,જે અહીંની સભ્યતાને જાતિ કે લિંગભેદ સાથે દૂરદૂરનોય નાતો નથી એ બતાવી આપે છે.અહીંનો સાક્ષરતા દર ૬૮.૨૬% છે.

રાજકીય સીમાંકનની દષ્ટિએ જોવા જઈએ તો તાપી જિલ્લાની દક્ષિણે ડાંગ અને નવસારી જિલ્લો,પશ્ચિમે સુરત જિલ્લો તેમજ ઉત્તર-પૂર્વે નર્મદા જિલ્લો આવેલો છે,તો તેની પૂર્વમાં પડોશી રાજ્ય મહારાષ્ટ્રની સરહદી સીમા આવેલી છે.

બહુધા આદિજાતિનો વસવાટ ધરાવતી આ ભોમકા આહ્લાદક કુદરતી સૌંદર્ય ધરાવે છે.તેની ઉત્તર-પૂર્વમાં સાતપુડાના ડુંગરો અને દક્ષિણે સહ્યાદ્રિની હારમાળા આવેલી છે.અહીં એકંદરે ૧૯૨૬ મી.મી. જેટલો વરસાદ વરસે છે.જે ઉચ્છલ નિઝર તરફના સૂકા,ડુંગરાળ અને આછા જંગલો ધરાવતા પ્રદેશને પણ નયનરમ્ય બનાવી દે છે.અહીં ઉત્તરમાં તાપી નદીનો વિશાળ પ્રવાહ વહે છે,તો દક્ષિણે અંબિકા અને મધ્યમાં ઝાંખરી,મીંઢોળા તથા પૂર્ણા નદી વહે છે.અહીંના મોટાભાગના તાલુકાઓની ધરતીને તાપી નદીનો પ્રવાહ સ્પર્શતો હોય; આ ધરતી ઉપર તાપી નદીનો ઝાઝો પ્રભાવ છે.

કુદરતી સંપદાથી ભરપૂર ગિરિકંદરાઓ,ખળખળ વહેતાં ઝરણાંઓ,આદિવાસી કલા સંસ્કૃતિ,તેમની રહેણીકરણી અને લોકોત્સવ એ તાપી જિલ્લાનું અનેરું ઘરેણું છે.તેની આ વનસંપદા કુદરતની દેન છે,જે જોવા અને માણવાલાયક છે.સાગના ઊંચા વૃક્ષો,લીલાછમ વાંસના ઝૂંડ,ટેકરીઓ,કોતરો,ખીણો અને નાના ગામડાઓથી શોભતા દશ્યને આંખોમાં કેદ કરી લેવાનું મન થાય છે.પક્ષીઓના કલરવ સાથે ઉગતો સૂરજ,મુક્ત મને વહેતાં ઝરણાંઓનો કલકલ નિનાદ,સવારના પ્હોરમાં દૂધ દોહવાની ક્રિયા અને વનવગડામાંથી

પાછા ફરતા ધણ  કે ખેતરમાંથી ઉઠતો બળદોના ઘૂઘરાનો અવાજ આજે પણ જરૂરથી માણવા મળી જાય છે.હાં,એક સમયે ભયાનક અને અદ્ભુત સૃષ્ટિથી ભરપૂર વન્યસૃષ્ટિમાંથી ભય અને વિસ્મયે જાણે દેશવટો લઈ લીધો છે.રાત્રીની નિસ્તબ્ધતાની વચ્ચે આપણાં હાંજા ગગડાવી નાખતી વાઘની ત્રાડો હવે શમી ગઈ છે.શિયાળવાની લારીઓ વિલાઈ રહી છે; સાથે, સાબર,હરણ ને રીંછ જેવાં પ્રાણીઓ પણ નહિવત્ થતાં જાય છે,ને આ સૃષ્ટિના અદ્ભુત અને ભયાવહ રસને લઈને સદીઓથી વહેતી આવેલી દંતકથા કે લોકકથાનો સૂર પણ હવે રૂંધાતો જાય છે.આમ છતાં તેના અણસાર અહીં તહીં થોડા ઘણા અંશે સાંપડે છે.આશા રાખીએ કે એ કદી લુપ્ત ન થાઓ.

## ૧.૨ તાપી જિલ્લાની પૌરાણિક સંસ્કૃતિ :

તાપી જિલ્લાને અસ્તિત્વમાં આવ્યે માંડ દશકો વીત્યો છે એટલે તેનો વહીવટી ઇતિહાસ ઝાઝો ન મળે એ સ્વભાવિક  છે;એવી જ રીતે તેનો ઐતિહાસિક ઇતિહાસ પણ વધારે સાંપડતો નથી.પણ આ ધરા પર વિકસીને પાંગરેલી આદિમ સંસ્કૃતિ અતિપ્રાચીન છે.તેનું પગેરું શોધવા મથતા જગતના ઇતિહાસવિદો જેના મૂળ સુધી પહોંચી શક્યા નથી એવી આદિમ સંસ્કૃતિઓમાંની આ એક છે.તેના આ આદિમ ઈતિહાસને ક્યાંય કંડારવામાં આવ્યો નથી.તેમના વિશે દંતકથા કે લોકકથા રૂપે જે કંઇ સાંપડે છે તે અલ્પમાત્ર છે.

અહીં વસનારી આદિજાતિઓ પ્રકૃતિ પૂજક છે.તેઓ સૂર્ય, ચંદ્ર, અગ્નિદેવ, પવનદેવ, નદી તેમજ નાગદેવ,વાઘદેવ અને મગરદેવ જેવાં પ્રકૃતિનાં તત્ત્વોને દેવ રૂપે પૂજે છે.તેઓ વન્યધર્મી છે.તેઓ વૃક્ષ- વેલાની છાલ,પાંદડા,મૂળ કે થડનો ઔષધ તરીકે ઉપયોગ કરતા પહેલા તેની પૂજા કરે છે.તેમના દ્વારા થતી આ પ્રકૃતિની પૂજા અર્ચના અને તેનો જરૂર પૂરતો મર્યાદિત ઉપયોગ એ જીવ સૃષ્ટિનાં સંતુલનને બનાવી રાખવા માટે આધારભૂત છે.જેનું મહત્ત્વ હવે પ્રાકૃતિક આપત્તિઓ વેઠી રહેલા સભ્ય જગતને પણ સમજાઈ ચૂક્યું છે.

એક સમયે શિક્ષણ સાથે પોતાનો દૂર દૂરનોય નાતો ન હતો,એવી આ આદિમજાતિએ પ્રકૃતિના તત્ત્વો ઝાડ-ફૂલ,પંખી અને પ્રાણીઓના વર્તન અને તેમાં આવેલા બદલાવને જોઈને ઋતુચક્રનો તાગ મેળવી;પોતાના જીવનની ઘટમાળને ગોઠવી હતી.ધીરેધીરે તેમણે જમીનને અનુરૂપ પાકો પકવવાનું તેમજ ખોરાકમાં દૂધનો ઉપયોગ કરવા માટે પશુપાલન શરૂ કર્યુ.આમ તેઓ પોતાની નોખી સમાજવ્યવસ્થામાં ગોઠવાતા ગયા.પરિણામે આજે

તેમના જન્મ સંસ્કાર,લગ્ન સંસ્કાર તથા મૃત્યુ સંસ્કાર તેમજ ઉત્સવો,દેવ પૂજા,ભાષા- બોલી તેમજ રીતરિવાજો પોતીકા અને આગવા છે.

આમ,માનવ વિજ્ઞાનના અભ્યાસીઓએ તેમની આપેલી ઓળખ મુજબ તેઓ આ નિશ્ચિત ભૂભાગમાં સદીઓથી વસવાટ કરતા આવ્યા છે,તેમની પોતાની વિશિષ્ટ બોલી છે,તેઓ પોતાની સુરક્ષા માટે સંગઠિત થઈને  રહે છે.તેમની આગવી અર્થવ્યવસ્થા છે અને તેમનો સમાન ભાવના ધરાવતો એક સ્વાયત્ત સમાજ છે.આવી વિશિષ્ટ સંસ્કૃતિ ધરાવતા સરલ સમુદાયો અહીં વસે છે.જે આ જિલ્લાની પણ વિશેષતા બની રહે છે.

અહીંની ડુંગરાળ અને નિબિડ અરણ્ય ધરાવતી ધરતી પર પોતાનો જીવન સંઘર્ષ વેઠતી આ જનજાતિના જીવનને જો કોઈ ઉપમા આપવી હોય તો કોઈ જંગલીવેલના પુષ્પોની આપી શકાય.વાડ હોય કે ઝાડી-ઝાંખરા,જ્યાં ઊગ્યા ત્યાં પ્રસન્ન ભાવે ખીલીને મુરઝાઈ જવાનો  વનપુષ્પો એ સ્વભાવ આ લોકોમાં વણાઈ ગયો છે.તેથી જ તો જીવનની અનેક વિષમતાઓ અને અભાવોની વચ્ચે પણ તેઓ હસી અને આનંદ માણી જાણે છે.વારે તહેવારે તેઓ સ્ત્રીપુઢષ ભેગાં હાથમાં હાથ ગૂંથીને નાચે છે,અને અવસર તેમજ જીવન બંનેનો લુત્ફ ઉઠાવે છે.વનમાં વૃક્ષોની ડાળીઓ જેમ વંટોળમાં ઝૂલે તેમ એમનો સૂર્યસ્પૃષ્ટ દેહ મસ્તીમાં ઝૂમી ઉઠતો હોય છે.તો એમની સંસ્કૃતિ અને સભ્યતા ગ્રીષ્મના ધોમધખતા તાપમાં તપતી ધરા પર નવપલ્લવિત થઈ ઉઠતા ઘટાદાર વૃક્ષો જેવી છે,જે વિષમતાઓના તાપથી તપતી અહીંના જીવનની ધરા પર નવી નવી આશા અને ઉન્માદરૂપી કૂંપળોને ધારણ કરતી આવી છે.

ખેદની વાત એ છે કે આજે નગરસભ્યતાની પોતાના જેવા કરી લેવાની  સંમોહન શક્તિએ તેમના આ આનંદ ઉમંગને ભોઠો પાડી દીધો છે.નગરોમાંથી નીકળીને દૂર જંગલોમાં દોડી રહેલા રસ્તાનો અજગરી ભરડો તેમની આ સાંસ્કૃતિક ધરોહરની કમર તોડી નાખે તે પહેલા તેને સાચવી લેવાની જરૂર છે.

આ ભૂમિ પોતાની પડખે દંડકારણ્યનો સંગાથ લઈને ઊભી છે.ભગવાન રામની ચરણરજથી પાવન થયેલી આ ભૂમિ પર કેટલાય સભ્ય સમાજે પણ ચહલકદમી કરી છે,વસવાટ કર્યો છે.માટે અહીંના કેટલાક ગામોનાં નામો સંસ્કૃમય છે.જેમકે,- કપુરા પુરા (કપુરા),અસલવાન( અગાસવાણ) કદલીવાન (કેળવન) વગેરે;અને ઝાંખરી નદીને કેમ

ભૂલાય ? સુરેશ જોષી કહે છે તેમ સંસ્કૃત નામોનો ઝંકાર એમાં નથી.ઝાંખરાંમાં થઈને વહેતી વહેતી આવતી માટે ઝાંખરી.આ નદીની જેમ જ અનેક સાંસ્કૃતિક ઝરણા આ અરણ્ય કાનન પર પ્રસ્ફૂટિત થઈ સદીઓથી વહેતા આવી આ ભૂમિને ઝંકૃત કરતા રહ્યા છે.

## ૧.૩ જિલ્લાનો ઈતિહાસ અને જોવાલાયક સ્થળો :

વર્ષાના આગમન સાથે નખશિખ ખીલી ઊઠતી વનશ્રીની આ ધરા પર આવેલાં જોવાલાયક સ્થળોની વાત કરીએ તો સોનગઢનો કિલ્લો,વ્યારા નગરી,ઉકાઈ ડેમ,ડોસવાડા ડેમ,ગૌમુખ,પદમ ડુંગરીનું ઈકો ટુરિઝમ,સ્વરાજ આશ્રમ વેડછી અને ઘાટાનો વડ તેમજ અહીની અરણ્યાછન્ન ભૂમિને ગણાવી શકાય;જેમાં સોનગઢના કિલ્લો અને વ્યારા નગરી સવિશેષ ઐતિહાસિક વિરાશત ધરાવે છે.છતાં ખેદની વાત એ છે કે આ તેના બાંધકામ અને સ્થાપત્યોના ભગ્નાવશેષની જેમ જ તેનો ઈતિહાસ પણ આપણને ભગ્નરૂપે સાંપડે છે.જે કંઇ મળ્યું તેને સવાયું ગણીને તેના ભગ્નાવશેષોને આપણી કલ્પના અને તર્કશક્તિનો ઓપ આપી પૂર્ણરૂપે નિહાળવાનો શક્ય એવો પ્રયત્ન કરીએ :

### ૧.૩.૧ વ્યારા નગરી :

તાપી જિલ્લાનું વડું મથક વ્યારાનું ઐતિહાસિક દષ્ટિએ વિશેષ મહત્ત્વ છે.અહી રાજા ગાયકવાડ વિહાર માટે આવતાં હતા,તેથી ‘વિહાર’ પરથી વ્યારા નામ અસ્તિત્વમાં આવ્યું હોવાનું કહેવામાં આવે છે.

અન્ય પ્રાપ્ત માહિતી મુજબ વ્યારા મોગલાઈ પેશ્વા સમયનું દફતરોમાં નોંધાયેલા અંતાપુર પરગણાનું એક ગામ હતું.પરંતુ વ્યારા તે સમયથી પણ પ્રાચીન હોવાની ઘણી સંભાવના ધરાવે છે.તેની પ્રાચીનતા અંગે વિવિધ માન્યતાઓ અને અટકળો પ્રવર્તે છે.એક માન્યતા મુજબ તે વિજયનગર તરીકે ઓળખાતું હતું.વ્યારામાં આવેલ ફતેહ બુરજ તથા તેના રક્ષણ માટે તેની ફરતે આવેલ કોટ કિલ્લો આ પ્રદેશ ઉપરના વિજયના ચિહ્ન તરીકે ઊભેલા જણાય છે,જે તેના વિજય નગર નામની શક્યતા તરફ અંગુલિનિર્દેશ કરે છે.

અન્ય એક માન્યતા મુજબ સદીઓ પૂર્વે સૂર્યમુખી તાપી નદીના કિનારે,અનેક જોજનમાં ફેલાયેલું,આબાદીથી ભરપૂર અને સુખ-સમૃદ્ધિથી ભરેલું નગર વસતું હતું.આ નગરમાં એક કાળરાત્રીના અશુભ ચોઘડિયે અગ્નિનું એક ભયંકર તાંડવ ખેલાયું;અને આ

અગ્નિકાંડમાં એ સમૃદ્ધ નગર બળીને ખાક થઈ ગયું.તે નગરની ભૂમિને અપશુકનિયાળ માનીને અથવા તો આ દશ્યને ભૂલવા માટે બાકી બચેલી વસ્તી સ્થળાંતર કરીને મીંઢોળા નદીના તટે આવીને વસી; તે જ આપણું આજનું આ વ્યારા.

તાપી નદીના કિનારા પરના તે મૂળ નગરના અવશેષો પણ કાળની ગતિવિધિને કારણે ધીરેધીરે નાશ પામ્યા.પરંતુ આજે પણ અહીંની આદિજાતિઓથી વસેલું એ ગામ **કાળા વ્યારા** તરીકે ઓળખાય છે.આ નગરના જે વિસ્તારમાં મોટી મોટી મહેલાતો હતી તે વિસ્તાર આજે ઊંચામાળા તરીકે ઓળખાય છે.

પ્રથમ દર્શને વ્યારા એની ગાયકવાડી રાજ્યની જૂની જાહોજલાલીનું તત્કાળ સ્મરણ કરાવે છે.ફતેહ બૂરજ કોટની અવશેષ રૂપ ક્યાંક બચેલી દિવાલો,નગર પંચાયતની કચેરીમાં રૂપાંતરિત થયેલો વિશાળ દરવાજો,તળાવ,મામલતદાર કચેરી,સબજેલ અને ન્યાયાલયના ખાણકીના મકાનો તેમજ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડની જ્વલંત પ્રતિમા જોવાલાયક છે.તદુપરાંત નવો અવતાર ધારણ કરી રહેલી સયાજી વિહાર ક્લબ,અદ્યતન ગ્રંથાલયમાં પરિવર્તન પામેલું શ્રી શિવાજી સાર્વજનિક પુસ્તકાલય વગેરેએ આજે પણ શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડ સાથેનું અનુસંધાન જાળવી રાખ્યું છે.

વ્યારામાં નદી કાંઠે પુરાણા શિવમંદિરો આવેલાં છે.તેમાંનું એક મંદિર મનકામેશ્વર તરીકે ઓળખાય છે,જેનું બાંધકામ બૌધમઠોના બાંધકામ સાથે મળતું આવે છે.

ગાયકવાડી રાજ્ય અમલને કારણે ક્રમે ક્રમે વ્યારામાં દક્ષિણી બ્રાહ્મણો આવ્યા,તો વેપાર ધંધા અર્થે મારવાડીઓ આવ્યા.ખાનદેશ અને નાસિક તરફથી સોનીઓ આવ્યા,તેમજ સયાજીરાવે ડોસવાડાના તળાવમાંથી પાણી વહેતું કરતા બારડોલી તરફના કણબીઓ આવ્યા,ને દારૂ તાડીના વેપાર માટે પારસીઓ આવ્યા.જૈનોની વસ્તી પણ અહીં સારા પ્રમાણમાં છે.આ ઉપરાંત ચરોતર,કાઠિયાવાડ તેમજ ઉત્તર ભારતના વિવિધ પ્રદેશોમાંથી અનેક લોકો અહીં આવીને સ્થિર થયા છે.

## ૧.૩.૨ કિલ્લે સોનગઢ :

વ્યારા છોડો કે તરત એ કિલ્લો દેખાવા માંડે છે.તેની તળેટીમાં વસેલું નગર એટલે સોનગઢ.નગરને બિલકુલ અડીને હઠયોગી અદાથી ઊભેલો સોનગઢનો કિલ્લો નગરની

ઓળખ છતી કરે છે.આ કિલ્લો છત્રપતિ શિવાજીના શાશનકાળ દરમિયાન બાંધવામાં આવ્યો હોવાનું અનુમાન છે.તેનો ઈતિહાસ કંઈક આવો છે.બાલપુરી લડાઈ પછી ખંડેરાવ દભાડનું મૃત્યુ થતાં એમનું સેનાપતિનું સ્થાન પુત્ર ત્રયંબકરાવને મળ્યું,તેમજ તેમના નાયબ સેનાપતિ દામાજીરાવ ગાયકવાડની જગ્યા તેમના ભત્રીજા પીલાજીરાવ ગાયકવાડને પ્રાપ્ત થઈ.તે સમયે સોનગઢ મેવાસી ભીલોના તાબામાં હતું.પીલાજીરાવે ઇ.સ.૧૭૧૯માં ભીલો પાસેથી આ ડુંગરનો કબજો મેળવી લીધો.ત્યારબાદ શાહુ મહારાજનાં આશીર્વાદથી તેમણે આ ડુંગર પર હાલમાં જોવા મળતો કિલ્લો બાંધ્યો હતો.કિલ્લાના પ્રવેશદ્વારની ડાબી બાજુ એક તકતી છે જેમાં અંકિત માહિતી મુજબ આ કિલ્લો પીલાજીરાવ ગાયકવાડે સને ૧૭૨૮-૨૯માં ફરીથી બંધાવ્યો હતો.ત્યારબાદ બાબીઓ પાસેથી વડોદરા જીતી સને ૧૭૩૦માં પીલાજીરાવ ગાયકવાડી રાજ્યની સ્થાપના કરી;જેનું મથક ઇ.સ.૧૭૬૩ સુધી સોનગઢ રહેલું.આમ ગાયકવાડી રાજની શરૂઆત સોનગઢથી થઈ.ગાયકવાડે ફિરંગીઓ પર વિજય મેળવ્યાની યાદગીરીમાં ફિરંગી માતાની સ્થાપના આ કિલ્લા પર કરી હતી.

કિલ્લા ઉપર પહોંચવા માટે સર્પાકાર રસ્તો છે.કિલ્લાની રચના પ્રાચીન ઇજનેરી વિદ્યાનો ઉત્કૃષ્ટ નમૂનો છે.તેની ટોચ ઉપરથી તળેટી સુધી સમાંતર રૂપે નીચે ઊતરતી બે તોતિંગ દિવાલો ખરેખર ધ્યાનાકર્ષક છે.એટલું જ નહીં કિલ્લાની ભવ્યતામાં પણ વધારો કરે છે.બદનસીબે રેલ્વે લાઈન નાખવાને કારણે સુરંગો વડે આ તોતિંગ દિવાલોને તોડી પાડવામાં આવતા તે પોતાની સુંદરતા ખોઈ બેઠી છે.

કિલ્લા પરનું ચઢાણ સીધું અને કઠિન છે.તેનું ચણતર દાદ માગી લે તેવું છે.કિલ્લાના મુખ્ય પ્રવેશ દ્વારની ડાબી બાજુનો બુરજ તૂટી પડયો છે.જ્યારે જમણી બાજુનો બુરજ અર્ધતૂટેલી હાલતમાં પડવાની રાહ જોઈને ઊભો છે,છતાં ભવ્ય છે. તેની ઉપર ચઢવા માટે ગોળ સીડી છે.

કિલ્લાના અંદરના ભાગે ઊભા રહીને એક સમયે ત્રણ ત્રણ સૈનિકો દુશ્મનો ઉપર ગોલાબાજી કે તિરંદાજી કરી શકે તેવી ગોઠવણ છે.અહીં લશ્કરને છુપાવવાના બંકરો અને ભોંયરા ઠેરઠેર જોવા મળે છે.ભોંયરામાં ઊતરવા માટે દોરડાનો ઉપયોગ થતો હશે; તે દિવાલોમાં કાણાં પાડીને પગ મૂકી શકાય તેવી રચના પરથી સમજી શકાય છે. ભોંયરામાં એક સમયે ઘી તેલ ભરવાના ભંડારો હતા.મહારાજા ખંડેરાવના મંદિરની સામે એક નાનો લંબગોળ કૂવો છે.તેમાં તેલ ભરવામાં આવતું.મંદિરમાં ૨૫×૩૦ ફૂટ લંબચોરસ આકારની

પાણીનો સંગ્રહ કરવાની બીજી એક વિશાળ  રચના છે; જે કદાચ સંકટ સમયે સંતાવાની જગ્યા હોય શકે.કિલ્લાની વચ્ચેના ભાગમાં આવેલા ગોરખ,ઝરૂખા અને કોતરણીવાળા અવશેષોને જોતા અહીં કોઈ ભવ્ય મહેલ હશે એવું અનુમાનિત થાય છે.મહેલમાં પાણીના સંગ્રહ માટે ભૂગર્ભ ટાંકીની વ્યવસ્થા સુંદર છે.કિલ્લા પર અંબે મા અને મહાકાળી માતાનું મંદિર તેમજ દરગાહ વગેરે ધાર્મિક સ્થાનો આવેલાં છે.દર વર્ષે દશેરાએ અહીં મેળો ભરાય છે. કિલ્લાની વચ્ચે એક ભવ્ય મહેલના અવશેષ દેખાય છે.ગોરખ,ઝરૂખા,કોતરણીવાળો ભાગ બચ્યો છે.મહેલમાં પાણીના સંગ્રહ માટે ભૂગર્ભ ટાંકીની વ્યવસ્થા સુંદર છે.

## ૧.૩.૩ ઉકાઈ ડેમ :

ઉકાઈ બંધ દેશના સૌથી મોટા બંધોમાંનો એક છે.ભારતની સ્વતંત્રતાના લગભગ એક દાયકા બાદ સુરત જિલ્લામાં સિંચાઈ માટે તેમજ વારંવાર આવતાં પૂર પર આંશિક નિયંત્રણ લાવવા; તેમજ બંધ દ્વારા માત્ર સિંચાઈ જ નહીં પણ ઊર્જાના ઉત્પાદન જેવો અગત્યનો લાભ પણ પ્રાપ્ત થઈ શકે તે માટે તાપી નદી પર બંધ બાંધવાની આવશ્યકતા જણાઈ.જેને વર્ષ ૧૯૬૧માં આયોજન પંચ દ્વારા;અને ફેબ્રુઆરી ૧૯૬૨માં તત્કાલીન રાજ્ય સરકાર દ્વારા વહીવટી મંજૂરી મળી.ત્યારબાદ વર્ષ ૧૯૬૪માં આ બહુહેતુક ભગીરથ યોજનાનું અમલીકરણ  શરૂ થયું.જેનું તારીખ ૨૯ જાન્યુઆરી ૧૯૭૨ના રોજ દેશના તત્કાલીન વડાપ્રધાન શ્રીમતી  ઈન્દિરા ગાંધીના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

કાકરાપાર વીયર બંધથી ૨૯ કિમી  દૂર ઉપરવાસમાં ઉકાઈ ગામે નિર્મિત આ બંધની કુલ લંબાઈ ૪૯૨૬.૮૩ મીટર છે,જે પૈકી ૮૬૮.૮૩ મીટર ચણતર બંધ તેમજ ૪,૦૫૮ મીટર લંબાઈનો માટીયાળ બંધ છે.જે તેને એશિયાનો સૌથી મોટો માટીયાળ બંધ બનાવે છે.તેનો કુલ સ્ત્રાવ વિસ્તાર ૬૨,૨૨૫ ચોરસ કિ.મી છે.પોતાના ભવ્ય માળખામાં ૧૭૬ ટન વજનનો એક એવાં કુલ ૨૨ દરવાજા સમાવીને ઊભેલો આ વિશાળ બંધ **વલ્લભ સાગર** નામના એક વિશાળ સરોવરનું નિર્માણ કરે છે.જેની કુલ સંગ્રહ ક્ષમતા ૭૪૯૭ મિલિયન ઘનમીટર છે.જે ગુજરાતના નર્મદા બંધ સિવાયના અન્ય તમામ બંધોની સંગ્રહ શક્તિના ૪૬ જેટલી છે.

ઉકાઈ બંધનું અન્ય સૌથી અગત્યનું પાસું છે ઊર્જાનું ઉત્પાદન.આ બંધમાં ૭૫ મેગાવોટનું એક એવાં કુલ ૪ ટર્બાઈન મૂકવામાં આવ્યા છે.જેના દ્વારા પાણી જળાશયમાંથી વહન કરી હાઈડ્રોપાવર સ્ટેશનમાં વીજળી પેદા કરવામાં આવે છે.

કુદરત અને માનવપ્રવૃત્તિનું અનોખું સંગમસ્થાન એવું આ જળાશય પોતાના ખુશનુમા વાતાવરણ સાથે સદાય પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહે છે.

## ૧.૩.૪ ડોસવાડા ડેમ :

બરોડા સ્ટેટ દ્વારા ૧૯૧૨-૧૩માં ડોસવાડા ગામે મીંઢોળા નદી ઉપર ડેમ બાંધવામાં આવ્યો હતો.૧૦.૫ મીટર ઊંચો અને ૭૭૭ મીટરની લંબાઈ ધરાવતા આ આડબંધની કુલ સંગ્રહક્ષમતા ૪.૭૪૬ મિલિયન ઘનમીટર છે.તે ૨૪.૪૯ માઈલ વિસ્તારને કવર કરી ૫૦૨ હેક્ટરમાં સિંચાઈનું પાણી પહોંચાડે છે.એક સમયે વ્યારા અને તેની આજુબાજુના વિસ્તારને પણ પોતાની નહેરથી પાણી પૂરું પાડતા આ ગાયકવાડી ડેમની સિંચાઈને આજે;ઉકાઈ ડાબા કાંઠાની નહેરના નિર્માણ બાદ અમુક એટલા ગામો પૂરતી સીમિત કરી દેવામાં આવી છે.અહીંનો સૂર્યોદય અને સૂર્યાસ્ત જોવાલાયક છે.હાલ પ્રવાસન વિભાગ દ્વારા તેની રમણિયતામાં અભિવૃદ્ધ કરવામાં આવી હોય સ્થાનિક લોકો તેમજ પ્રવાસીઓ માટે તે પસંદગીનું સ્થળ બની ગયો છે.સાથે,ઐતિહાસિક વિરાસતની અવગણનાની ઝાંખી આપણને અહીં પણ આપણને થયા વગર રહેતી નથી.ડેમની થોડે આગળ સૈનિક છાવણી આવેલી છે,જે કાળની ગંભીર ઉપેક્ષા વચ્ચે જીર્ણોદ્ધારની  રાહ જોતી ઊભી છે.જેનો જીર્ણ છતાં ભવ્ય દરવાજો તે સમયની તેની મહત્તાની શાખ પુરાવે છે.

## ૧.૩.૫ વેડછી :

અહી 'વેડછીના વડલા' તરીકે જાણીતા થયેલા શ્રી જુગતરામ દવેનો ઇતિહાસ પ્રસિદ્ધ આશ્રમ આવેલો છે.આઝાદીના સમયે આ આશ્રમ ક્રાંતિકારી  પ્રવૃત્તિનું કેન્દ્ર રહ્યો હતો. જુગતરામ દવેએ રાષ્ટ્રીય શિક્ષણને અહીંની ભૂમિ પર ચરિતાર્થ કરવા માટે જે પુરુષાર્થ આદર્યો હતો,તેને આજે પણ આ આશ્રમ બુનિયાદી શિક્ષણના અવનવા પ્રયોગો દ્વારા આગળ ધપાવી રહ્યો છે.

## ૧.૩.૬ ગૌમુખ :

સોનગઢ તાલુકા મથકથી ૧૫ કિ.મી.ના અંતરે આવેલું ઐતિહાસિક સ્થાન ગૌમુખ રમણીય પર્વતોની હારમાળા વચ્ચે આવેલું છે.અહી પહોંચવા માટે જંગલને ખૂંદીને આગળ વધતા ચડાવ-ઉતારના ઢોળાવવાળા રસ્તાના સૌંદર્યને માણવાની પણ એક અલગ મજા છે.અહીં ભગવાન શિવનું પ્રાચીન અને પવિત્ર મંદિર આવેલું છે.તેની નીચેના ભાગે પર્વતમાંથી વહેતા નિર્મળ ઝરણાંનું પાણી અવિરતપણે ગૌમુખ દ્વારા વહેતું રહે છે.કેટલાંકના મતે આ સ્થળનો સંબંધ ગૌતમ ઋષિ સાથે જોડાયેલો છે;તો ગૌમુખની બાજુમાં આવેલા દોણ ગામનો સંબંધ દ્રોણાચાર્ય સાથે હોવાનું માનવામાં આવે છે.કુદરતી સંપદાને પોતાની ગોદમાં લઈને બેઠેલું આ સ્થળ સૌ કોઈને તેની મુલાકાત લેવા પ્રેરે તેવું છે.સતત વહેતા ઝરણાંઓનું પાણી,ધોધ,પંખીઓનો કલરવ અને માંકડાઓની ધીંગામસ્તી,વનશ્રીનો અખૂટ વૈભવ, આવનાર મુલાકાતીઓને યાંત્રિકીકરણની ભરમારને ભુલાવી દઈ કુદરતના સાંનિધ્યમાં દોરી જાય છે.

## ૧.૩.૭ પદમડુંગરી :

પુરાણોમાં પદમ ડુંગરી ગામ પદ્માવતી નગરી તરીકે ઓળખાતું હતું. અહી પૌરાણિક શિવ મંદિર,શરભંગ ઋષિનો આશ્રમ તેમજ ગુસ્માય માતાનું મંદિર આવેલાં છે.અંબિકા નદીના પટમાં ભગવાન રામચંદ્રએ કરેલ યજ્ઞ અને તેની ભસ્મ આજે પણ પ્રાપ્ય છે.

અહીં વ્યારા વન વિભાગ દ્વારા અંબિકા નદી કિનારે સાકાર થયેલું પ્રકૃતિ શિક્ષણ શિબિર સહ ઇકોટુરિઝમ પોઈન્ટ પર્યાવરણ અને સહેલાણીઓ માટેનું યાદગાર સંભારણું છે.અહી ગ્રુપબુકિંગની સુવિધા પણ છે.અહીં મુલાકાતીઓ એક-બે દિવસ રાત્રી રોકાણ કરી શકાય તે માટે દસ જેટલા તંબુઓ,ઓપન સિનેમાગૃહ,રસોઈઘર,વારિગૃહ અને સેનિટેશન જેવી તમામ સુવિધાઓ ઊભી કરવામાં આવી છે.અહી વન અને પર્યાવરણ વિશેની શિબિરોનું આયોજન કરવામાં આવે છે.

## ૧.૩.૮ ઘાટાનો વડ :

તાપી જિલ્લાના મુખ્ય મથક વ્યારાથી ૧૫ કિમીના અંતરે વસેલું નાનકડું ઘાટા ગામ ઐતિહાસિક ઘટનાઓ સાથે જોડાયેલું છે.ગામના પાદરે આવેલું વડનું ૩૫૦ થી ૪૦૦ વર્ષ

જૂનું વટવૃક્ષ પ્રાચીન ઈતિહાસનું સાક્ષી છે.જેનું મુખ્ય થડ કયું તે જાણવું ખરેખર મુશ્કેલ છે.વડદાદાના થડમાં સાક્ષાત ગણપતિદાદાના દર્શન થાય છે.

## ૧.૪ તાપી જિલ્લામાં વસવાટ કરતી પ્રમુખ આદિજાતિઓ :

તાપી જિલ્લામાં મુખ્યત્વે ચૌધરી,ગામીત,વસાવા,કોટવાળિયા,કાથુડિયા,વળવી અને પાડવી વગેરે આદિજાતિઓ વસવાટ કરે છે.જેમનો સામાન્ય પરિચય નીચે મુજબ છે :

### ૧.૪.૧ ચૌધરી :

વસ્તીની દષ્ટિએ ગુજરાતમાં પાચમું સ્થાન ધરાવતી ચૌધરી જાતિ પોતાનું આગવું સામાજિક,ધાર્મિક તેમજ સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવે છે.ચૌધરીઓના મૂળ વતન તરીકે પાવાગઢને માનવામાં આવે છે.તેઓ રાજપૂત અને ભીલજાતિના મિશ્રલોહીમાંથી જન્મેલા ગણાય છે.એક માન્યતા મુજબ મુસ્લિમ આક્રમણકારોથી બચવા માટે કેટલાંક રાજપૂત પરિવારો દક્ષિણ ગુજરાતમાં તાપી નદીની ઉત્તર-દક્ષિણે તેમજ સુરત જિલ્લાના નળધરા વિસ્તારમાં આવીને સ્થાયી થયાં,અને અહીની સ્થાનિક સ્ત્રીઓ સાથે જોડાઈને ચૌધરી જાતિ સ્વરૂપે વિકસ્યા.તો કેટલાક તેમને આ જ ભૂમિના મૂળ વતની હોવાનું માને છે.ઇ.સ.૧૯૩૦ સુધી ચૌધરીઓ ‘ચોધરા’ તરીકે ઓળખાતા હતા. ચૌધરીઓની મુખ્ય ત્રણ પેટાજ્ઞાતિઓ : ૧.મોટા ચૌધરી ૨. નાના ચૌધરી અને ૩. વલવડા છે.ચૌધરીઓ મોટેભાગે સુરત અને તાપી જિલ્લાના મહુવા,માંડવી,માંગરોળ,વ્યારા,વાલોડ,સોનગઢ,બારડોલી તેમજ ડોલવણ વગેરે તાલુકાઓમાં વસે છે.

ચૌધરી જાતિ અંગેનો સવિસ્તાર પરિચય આપણે હવે પછીના પ્રકરણમાં મેળવીશું.

### ૧.૪.૨ ગામીત :

ગામીતો ગામતા,ગામતડા કે માવચી તરીકે પણ ઓળખાય છે.કેટલાંક ગામીતો સોએક વર્ષ પહેલાં લશ્કરમાં જોડાઈ વડોદરા અને ઉત્તર ગુજરાત તરફ જઈને રહ્યાં.જેઓ માવચી,માવચાં કે બાવચાં નામે ઓળખાયા.ગામીત જાતિ મૂળ ભીલની જ પેટા જાતિ હોવાનું માનવામાં આવે છે.કહેવાય છે કે ભીલો ડુંગરો છોડીને સપાટ પ્રદેશમાં છૂટાં છવાયાં છાપરાં બાંધીને,ગામ વસાવીને ત્યાં સ્થિર થયા,તેઓ ગામીત કે ગાંવીત તરીકે ઓળખાયા.એક એવો પણ મત છે કે રાજા રજવાડાંઓના સમયમાં કેટલાક ભીલ સરદારોને

અમુક ગામ સાચવવાની જવાબદારી સોંપવામાં આવતી.આ ભીલો ગાંવીત કહેવાતા.એના પરથી તેમના વારસદારો ગાવીત કે ગામીત કહેવાયા.ગામીતોમાં મગર,ઘોડો જેવાં ગોત્રચિહ્નો હોવાનું તથા કુંવર,ભારતી,ચૌધરી,મોચી અને ઘાંચી જેવાં કુળ હોવાનું પણ જાણવા મળે છે.એમાં આંતરજ્ઞાતીય લગ્નનો સમય જતાં સમાજે કરેલા સ્વીકારનો સંકેત જોઈ શકાય.ગામીતોની પેટા જાતિમાં વળવી અને વસાવાને ગણવાનું વલણ છે. વસ્તીગણતરીના સેન્સસમાં ગામીત, ગાવીત, ગામતા, માવચી, પાડવી, વસાવા, વસાવે,વળવીનો સામૂહિક એક સાથે ઉલ્લેખ જોવા મળે છે.વળવી અને વસાવામાં વળવી કે વલવાડા સૌથી નીચી કક્ષાના ગણાય છે.એમને ત્યાં બીજા ગામીતો છોકરી આપતા નથી.સામાન્ય રીતે આદિવાસીઓ ગામડાંઓમાં જાતિવાર અલગ અલગ સમૂહોમાં વસતા જોવા મળે છે.ગામીતોમાં પણ એ વલણ પ્રબળ છે.પાણી સહેલાઈથી મેળવી શકાય તેવા કૂવો કે વહેળાની નજીકમાં ગોળ ફરતે કે નજીક નજીકમાં થોડાં ઝૂંપડાઓનો સમૂહ ફળિયું હોય છે.ઘણીવાર આ રહેઠાણોમાં એક જ કુટુંબના ભાઈઓ,પુત્રો,પૌત્રો કે પિત્રાઈઓ વસતાં હોય તેવું જોવા મળે છે.

### ૧.૪.૩ વસાવા :

વસાવા કે વસાવડા ભીલમાંથી ઊતરી આવેલા ગણાય છે.પહાડવી (પાડવી),વળવી અને નાયક એ ત્રણ અટકો એમનામાં પ્રચલિત છે.કેટલાક વિશિષ્ટ રિવાજો એમનામાં આદિમતાનાં તત્ત્વો વધુ હોવાનો પરિચય આપે છે.જેમ કે,વસાવા પુરૂષો સ્ત્રીના નવા લૂગડામાંથી લંગોટી જેટલો કટકો ફાડી લઈને તેને કેડના કંદોરા સાથે લટકતો રાખે છે અને લંગોટીની જગ્યાએ એનો જ ઉપયોગ કરે છે.પુરૂષો માથે લાલ કે ધોળી પાઘડી,ધોતી અને બંડી પહેરે છે,જ્યારે સ્ત્રીઓ કાછડો અને ઓઢણું,આભૂષણોમાં ગળામાં ધોળા દરહાં,હાથે પિત્તળની છાલીઓ અને પગે પિત્તળનાં કલ્લાં પહેરે છે.કન્યાવિક્રય,ઘરજમાઈ,કુંવારે માંડવે નાતરું,દિયરવટું અને છૂટાછેડાના રિવાજો છે.મામા ફોઈનાં છોકરાંઓ પરણી શકે છે.લગ્ન વખતે વરકન્યાને હળદર ને તેલ ચોપડી;વરના હાથમાં તલવાર અને કન્યાના હાથમાં મ્યાન આપી તેમને ખભે બેસાડીને તેઓ નાચે છે.મૃતદેહને તેઓ બાળે છે,પણ ખતરું મૂકવાનો કે શ્રાદ્ધ કરવાનો સામાન્ય રિવાજ નથી.કોઈ કમોતે મરી જાય તો તેના નામનું ખતરું મુકાય છે.વસાવા લોકોનો મુખ્ય ખોરાક કોદરી કે ચોખાની ઢાંચલી,સામો,જુવાર કે ચોખાના રોટલા

કે ખીચડી છે.ઈંડા,માછલાં,ભૂંડ,ગાય,ભેંસ વગેરેનું માંસ તેઓ ખાય છે,પણ મરેલા ઢોરનું માંસ ખાતા નથી.સ્વભાવે વહેમી છે અને ભૂતપ્રેતમાં માને છે.

## ૧.૪.૪ કોટવાળિયા :

કોટવાળિયા લોકો 'વીટોળીઆ' તરીકે પણ ઓળખાય છે.પુઢષો પોતડી,માથે પાઘડી અને કાનમાં રૂપા કે પિત્તળના વીંટલા પહેરે છે; જ્યારે સ્ત્રીઓ પાંચ હાથના લૂગડાનો કટકો પહેરે છે અને એટલો જ કટકો માથે નાંખે છે.દાગીનામાં પિત્તળના ચીપિયા ,કલાઈના કલ્લાં અને કીડિયાસેર પહેરે છે.છોકરા- છોકરી સ્વ -પસંદગીથી પરણે છે.દહેજપ્રથા,ખંધાડિયાનો રિવાજ, નાતરું કરવાનો રિવાજ છે.પરંતુ દિયરવટું થઈ શકતું નથી.શબને તેઓ બાળે કે દાટે છે.મરનારનું ખતરું મૂકે છે.તેની દર વર્ષે પૂજા કરે છે.

કોટવાળિયા લોકોનો મુખ્ય ધંધો વાંસ ફોડવાનો છે તેથી તેઓ 'વાંસફોડા' તરીકે પણ ઓળખાય છે.તેઓ વાંસનાં સૂપડાં, ટોપલાં-ટોપલીઓ, છાબડીઓ, પાલાં, તરાટિયાં વગેરે બનાવવાનું કામ  કરે છે.મોટેભાગે આદિમ જૂથના આ લોકો પાસે જમીન ન હોવાથી તેમને ખેતમજૂરી ઉપર જ જીવનનિર્વાહનો આધાર રાખવો પડે છે.રોજ લાવીને રોજ ખાનારા હોવાથી એમની પાસે નજીવી ઘરવખરી હોય છે.તેઓ કોદરી,જુવારની ઢાંચલી, રોટલા,ઈંડાં,માછલાં,મરઘા,ચકલા વગેરે ખાય છે.એમનામાં ગરીબીનું પ્રમાણ વિશેષ જોવા મળે છે.

## ૧.૪.૫ કાથુડિયા - કાથોડી :

બીજી આદિમ જાતિઓ કરતાં રંગે વધુ પડતા કાળા જણાતા કાથુડિયામાં જાદુ,પવાર જેવી ચારેક પેટા જાતિઓ જોવા મળે છે.ભીષણ ગરીબી અને વધુ પડતી જંગલી અવસ્થામાં તેઓ જીવે છે.કાથુડિયા પુઢષો લંગોડી અને માથે લાલ રંગનો કટકો બાંધે છે તો સ્ત્રીઓ કેવળ કાછડો મારે છે.ગળામાં કીડિયાસેર પહેરે છે.એમનામાં દહેજપ્રથા,નાતરું,ખંધાડિયા અને છૂટાછેડાનો રિવાજ બીજી જાતિઓની જેમ જ પ્રચલિત છે.તેઓ મરનારને બાળે છે અને પૈસા આવે ત્યારે દહાડો - પાણી કરે છે.કંદમૂળ,ભાજીપાલો,કોદરી,ચોખા કે જુવારનું ભડકું અથવા તેના રોટલા તેમનો મુખ્ય ખોરાક છે.ઉપરાંત નોળિયા,ઘો,બિલાડા,શિયાળ  કે કોળ વગેરેનું માંસ પણ તેઓ ખાય છે.મૂળમાં એમનો ધંધો કાથો બનાવવાનો છે તેથી તેઓ

કાથુડિયા કહેવાય છે.ખેરના થડમાંથી કાથો બનાવવા લાયક લાકડાનો ગરો કાઢી લાવવો અને ઈજારદારની ભઠ્ઠીઓ પર કામ કરવું તે એમનો વ્યવસાય છે.કાથો તૈયાર થતાં દેવની પૂજા કર્યા વિના ઈજારદારને વેચવા દેતા નથી.કાથુડિયા સામાન્ય રીતે ટોળીમાં રહે છે.એમનામાં પંચ કે ગ્રામસંસ્થા જેવું કાંઈ નથી,પરંતુ ટોળીના આગેવાનની દોરવણી પ્રમાણે કામ કરે છે.

આ બંને આદિમ જૂથોને જીવન ટકાવવા માટે સ્થળાંતર એ અનિવાર્ય બાબત છે.સ્થળાંતરના કારણે જ તેઓ ટકી રહ્યા છે એમ કહીએ તો કંઇ ખોટું નથી.તેઓ મોટે ભાગે ઋતુગત સ્થળાંતર કરે છે.ચોમાસું પૂરું થતા તેઓ દક્ષિણ ગુજરાતના જુદાં જદાં સ્થળોએ સ્થળાંતર કરે છે.અહી તેઓ શેરડીની કાપણી કરવાની મજૂરી કરે છે,અને મે-જૂન માસ દરમિયાન પાછા માદરે વતન પાછા ફરે છે.ચોમાસા દરમિયાન તેઓ વતનમાં થોડીઘણી ખેતી કરે છે કાં તો છૂટક મજૂરી કરી જીવન નિર્વાહ કરે છે.

## ૧.૫.આદિજાતિના વિકાસાર્થે કામ કરતી સંસ્થાઓ :

### ૧.૫.૧ હંગાતી ટ્રસ્ટ :

સરકારની ખાસ આદિજાતિ વિસ્તાર પ્રયોજના વહીવટદારની કચેરી હેઠળ હંગાતી ટ્રસ્ટ સોનગઢ તાલુકાના ૨૦ ગામોમાં ચલાવવામાં આવે છે.આ ટ્રસ્ટ મહિલાઓના ઉત્કર્ષ તેમજ સશક્તિકરણ માટે મહિલા મંડળો ચલાવે છે.

૧૯૯૯ના જૂન મહિનામાં શ્રી માંડળ વિભાગ આદિવાસી મહિલા બચત અને ધિરાણ મંડળીની સ્થાપના થઈ હતી.આજે ૨૧૭૫ મહિલાઓ તેની સભ્ય છે.આ ટ્રસ્ટની અત્યાર સુધીમાં ૧,૦૯,૧૧,૪૩૧ રૂપિયા બચત થઈ છે.મંડળી દ્વારા ૧૭૫૧ આદિવાસી મહિલાઓને રૂ.૬૦ લાખનું ધિરાણ આપવામાં આવ્યું છે.બચત કરતા કરતા બહેનોને પોતાની જીવનજરૂરી ચીજવસ્તુઓ વાજબી ભાવે અને ઘરબેઠા મળી રહે તે હેતુથી બહેનોએ પોતપોતાના ગામમાં દુકાનો ઊભી કરવાનો વિચાર કર્યો.જે આજે વાસ્તવિક બન્યો છે.બહેનોના ફાળાથી જ ૧૧ ગામોમાં હંગાતી જનરલ સ્ટોર ઊભા કરવામાં આવ્યા છે.આ દુકાનોમાં બાવીસ બહેનોને રોજગારી મળી છે.

આ અરસામાં હિન્દુસ્તાન લીવર કંપની સાથે પણ ગઠન કરવામાં આવ્યું.બહેનો માટેના શક્તિ પ્રોજેક્ટ પણ ગામડે ગામડે ચાલુ કર્યા.આજે ૧૭ જેટલી બહેનો આ કંપનીની શક્તિ ડિલરો બની છે.અહીં વાચન,લેખન,સિવણ,ટેક્નોલોજીનો ઉપયોગ વગેરે શીખવવામાં આવે છે.કૃષિ વિષયક તાલીમ પણ અપાય છે.

## ૧.૫.૨ લિજ્જત પાપડ :

આદિવાસી વિસ્તારમાં જ્યારે સુવિધાના નામે મીડું હતું, ત્યારે મહિલાઓના વિકાસ માટે વાલોડ ખાતે 'લિજ્જત પાપડ મહિલા ગૃહ ઉદ્યોગ' ની સ્થાપના કરવામાં આવી.તેની પાછળનો મૂળ હેતુ આ વિસ્તારની મહિલાઓનો વિકાસ સાધવાનો હતો.લગભગ પાંચ દાયકા પહેલા ઇ.સ.૧૯૬૮માં સાત મહિલાઓએ શરૂ કરેલી પાપડ બનાવવાની સંસ્થા આજે વટવૃક્ષ બનીને ૧૪૦૦ જેટલી મહિલાઓને સ્વાવલંબન પૂરું પાડે છે.એંશી રૂપિયા ઉછીના લઈને શરૂ કરેલી પ્રવૃત્તિ આજે વાર્ષિક ઉપર કરોડનું ટર્નઓવર કરે છે.સમગ્ર ઉદ્યોગનો વહીવટ મહિલાઓ જ કરે છે.અહીં ઓર્ડર મુજબના પાપડો જેવા કે મરીના,લસણના,લાલ મરચાના અને પંજાબી પાપડ જેવાં પાપડો વણવામાં આવે છે.

## ૧.૫.૩ કારપેટ ઉદ્યોગ :

ઇ.સ.૧૯૭૮માં રાજ્ય સરકારના કુટિર ઉદ્યોગ વિભાગ દ્વારા કારપેટ બનાવવાની પ્રવૃત્તિને વેગવાન બનાવવાના પ્રયત્નો હાથ ધરાયા.ઇ.સ.૧૯૮૧માં એક સહકારી મંડળી સ્થાપવામાં આવી.ઉકાઈ બંધમાં જેમણે જમીન ગુમાવી છે એવા વિસ્તારમાં કારપેટ કેન્દ્રો ચલાવાયા.આ કારણે આ વિસ્તારના લોકોની આવક નિશ્ચિત થઈ.શરૂઆતમાં બહારના રાજ્યમાંથી કારીગરો તાલીમ આપવા આવતા.વખત જતા સ્થાનિક કારીગરોએ જ આ કળા હસ્તગત કરી લીધી.આજે અહીં આ પ્રવૃત્તિએ જબરદસ્ત વિકાસ સાધ્યો છે.

## ૧.૫.૪ નેસુ સેવા આશ્રમ,કરોડ :

સોનગઢનો નેસુનો પ્રદેશ ઉચ્છલ તાલુકામાં પરિવર્તીત થયેલ છે.આ પ્રદેશમાં રાનીપરજ સેવાસભા મારફતે શ્રી જુગતરામ દવેની આગેવાની અને શ્રી ઝીણાભાઈ દરજીના માર્ગદર્શન હેઠળ રચનાત્મક કામો શરૂ થતા જંગલ મંડળીનું કામ,વિસ્થાપિતોના સ્થળાંતરનું કામ,ગણોતધારાનો અમલ,શિક્ષણની પ્રવૃત્તિ,સર્વોદય યોજના વગેરે કામો હાથ ધરાય

છે.આ સંસ્થા દ્વારા આદિવાસી સમાજની સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓ ચાલે છે.સંસ્થા દ્વારા હાલ ૭ ઉત્તર બુનિયાદી વિદ્યાલયોમા અનેક કુમાર કન્યાઓ અભ્યાસ કરી રહ્યા છે.

## ૧.૫.૫ ઉકાઈ નવનિર્માણ સમિતિ :

ઉકાઈ જળાશય યોજના હેઠળના ગામો ડૂબાણમાં જતા જમીન વિહોણા ખેડૂતોને જીવન નિર્વાહની મુશ્કેલીઓ સર્જાઈ.તેમના પુનર્વસનની કામગીરી માટે આ સંસ્થાએ ખૂબ જહેમત ઉઠાવી હતી.આ સંસ્થાના નેજા હેઠળ શૈક્ષણિક,સામાજીક,આરોગ્ય,વ્યસન મુક્તિ અને ખેતી વગેરે અનેક વિકાસના કામો કરવામાં આવ્યાં છે.સંસ્થા દ્વારા બાલવાડી, છાત્રાલય, આશ્રમશાળાઓ,ઉત્તર બુનિયાદી વિદ્યાલય વગેરે સેવાકાર્યો ચલાવવામાં આવી રહ્યાં છે.

## ૧.૫.૬ વેડછી પ્રદેશ સેવા સમિતિ ઉદ્યોગવાડી :

આ સંસ્થા ગરીબી રેખા નીચે જીવતા લોકોમાં કૃષિ,પશુપાલન અને ખાદી ગ્રામોદ્યોગના કાર્યક્રમો દ્વારા આર્થિક સ્થિતિ સુધારવાના કાર્યો કરે છે.વધુમાં વધુ બાળકો શિક્ષણ મેળવે,ગામડાના લોકોમાં સ્વચ્છતા કેળવાય તેમજ ગામડાઓ પ્રદૂષણમુક્ત બને,મહિલાઓ શિક્ષિત અને સંગઠિત બને,ગામડાઓમાં સહકારી પ્રવૃત્તિનો વિકાસ થાય તેમજ નાના કારીગરોને પ્રોત્સાહન મળે;ને આ રીતે ગાંધીજી અને વિનોભાજીના વિચારો પ્રમાણે ગ્રામસ્વરાજનું સ્વપ્ન સાકાર બને અને સર્વોદયના વિચારો પ્રમાણેનો સમાજ બને તે માટેના લોકશિક્ષણના કાર્યક્રમો આ સંસ્થા દ્વારા ચલાવવામાં આવે છે. સંસ્થાના નેજા હેઠળ ત્રણ માધ્યમિક શાળાઓ અને એક ઉત્તર બુનિયાદી ઉ.મા. શાળા કાર્યરત છે.

આ ઉપરાંત પણ ઘણીબધી સંસ્થાઓ આ આદિજાતિ વિસ્તારમાં પોતાના ભગીરથ કાર્યોથી સેવાની સુવાસ ફેલાવી રહી છે.

## ૧.૬ તાપી જિલ્લાના જાણીતા સાહિત્યકારો અને સમાજ સુધારકો :

### ઇશ્વરલાલ ઇચ્છારામ દેસાઇ :

મૂળ વાલોડ તાલુકાના પણ વ્યારાને જ પોતાનું વતન બનારનાર ઇશ્વરલાલ દેસાઇને દેશસેવા,પત્રકારત્વ,સંગીત,સમાજસેવા અને રાજકારણ જેવા ક્ષેત્રોમાં વિશેષ રસ હતો. એમણે આત્મકથા,ચરિત્રલેખન,વાર્તા,કાવ્ય,વિવેચન અને સંશોધન વગેરે સાહિત્ય ક્ષેત્રે

કામ કર્યુ છે.'વ્યારા મારું બીજું વતન' એ તેમના વ્યારા વિશેનાં સંસ્મરણોને આલેખતું નોંધપાત્ર પુસ્તક છે.

**ડો.નવીનચંદ્ર કા. મોદી :**

આયુર્વેદ અને સાહિત્યિક - સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં વિશેષ રસ ધરાવનાર નવીનચંદ્ર મોદીએ કવિતા,વાર્તા,નવલકથા,વિવેચન,નાટક,ચિંતન અને સંપાદન ક્ષેત્રે ખેડાણ કરેલ છે.'તારી આંખો ખરેખર સુંદર છે'(ટૂંકીવાર્તા),'એકાંત મારા ભડકે બળે'(નવલકથા), 'લઘિમા'( લઘુકથા) 'ગુજરાતી ટૂંકી વાર્તા : આકાર અને આગમન','અર્વાચીન ગુજરાતી વાર્તા','રામનારાયણ પાઠક','બે સમર્થ વાર્તાસર્જક : ધૂમકેતુ અને દ્વિરેફ'( વિવેચન ગ્રંથો ) 'તત્ત્વ ચર્યા' (સહ સંપાદન) 'ચૌધરી બોલી અને સંસ્કૃતિ : એક અભ્યાસ','ગામીત જાતિ : સામાજીક અને સાંસ્કૃતિક અધ્યયન(સહ સંશોધન) વગેરે છે.તેમણે કરેલી સાહિત્યસેવા માટે તેમને ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત સાહિત્ય અકાદમીનો એવોર્ડ મળ્યો છે.

**ડો.દક્ષા બળવંત વ્યાસ :**

દક્ષાબેન વ્યાસે ગુજરાતી સાહિત્યમાં કવિતા,વાર્તા,ચિંતન,સંશોધન,અનુવાદ જેવાં ક્ષેત્રોમાં કામ કર્યું છે,સાથે તેઓ સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પણ વિશેષ રસ લે છે.'સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી કવિતા : પરિદર્શન', 'ભાવપ્રતિભાવ', 'સૌંદર્યદર્શી કવિઓ', 'રાજેન્દ્ર શાહ','ઉશનસ્','જયંત પાઠક','નિરંજન ભગત' વગેરે વિવેચન ગ્રંથો; 'રૂપક ગ્રંથિ'( સાહિત્ય તત્ત્વ વિચાર ) 'તત્વ ચર્યા' ( સહ સંપાદન ) 'ચૌધરી બોલી અને સંસ્કૃતિ : એક અભ્યાસ','ગામીત જાતિ : સામાજીક અને સાંસ્કૃતિક અધ્યયન'(સહ સંશોધન) વગેરે જાણીતા પુસ્તકો છે.તેમના છેલ્લા પુસ્તકને ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત સાહિત્ય અકાદમીનો એવોર્ડ મળ્યો છે.

**ડો.અરવિંદ હર્ષદ જોષી :**

સાહિત્ય અને ભારતીય તત્વજ્ઞાનમાં વિશેષ રસ ધરાવતા અરવિંદ જોષીએ કાવ્ય,વિવેચન અને તત્વ ચિંતન ક્ષેત્રે મૂલ્યવાન પ્રદાન કર્યું છે.એમના વિવેચન ગ્રંથ 'ગૌડપાદ : એક સમીક્ષાત્મક અધ્યયન' ને ગુજરાતી સાહિત્ય અકાદમીનું પ્રથમ પારિતોષિક

પ્રાપ્ત થયેલ છે.'મૃગજળના મોતી' નામના કાવ્યસંગ્રહમાં પ્રણય વેદના વ્યક્ત કરતી છાંદસ- અછાંદસ રચનાઓ આપી છે.

**શાંતિલાલ દામોદર મેરાઈ :**

ધરમપુરના વતની પણ વ્યારાને કર્મભૂમિ બનાવીને વસેલા શાંતિભાઈ મેરાઈએ 'સમર્પણ' સામયિકમાં સહાયક તંત્રી તરીકે સેવા બજાવી છે.તેમણે સાહિત્યના કવિતા, નિબંધ,વિવેચન અને અનુવાદ જેવાં ક્ષેત્રોમાં કામ કર્યું છે.'બે નંબર' (હાસ્ય લેખો), 'ઉપહાર' (કાવ્ય સંગ્રહ),'મારો પ્રવાસ' (પ્રવાસ વર્ણન),'શબ્દ સંગ' (વિવેચન) ઉપરાંત 'આદિવાસી વિસ્તારમાં હાટ','ચૌધરી આદિવાસીઓ : ગઈકાલે અને આજે' અને 'દેવી આંદોલન' જેવાં પુસ્તકો આપ્યા છે.

**શ્રી કૃષ્ણલાલ ગજાનન ભટ્ટ ( કછા કાકા ) :**

વ્યારાના વતની એવા કૃષ્ણલાલ ભટ્ટે પરદેશી હકુમતને પડકારતી રાષ્ટ્રિય ચળવળમાં ઝંપલાવી;પોતાનું સમગ્ર જીવન દેશની સેવા માટે સમર્પિત કર્યું હતું.યૌવનના ઉંબરે પહોંચેલા કૃષ્ણલાલે હરિપુરા કોંગ્રેસ અધિવેશનમાં જોડાઈ આઝાદીની ચળવળમાં ઝંપલાવ્યું.તેમણે વાલોડ મુકામે શ્રી જુગતરામકાકા,ઝીણાભાઈ દરજી તથા તેમના વડીલ બંધુ શ્રી નરેન્દ્ર ભટ્ટના સાંનિધ્યમાં ઐતિહાસિક પરાગવડ નીચે મામલતદાર કચેરીની સામે વાણી સ્વાતંત્ર્ય પ્રવચનથી સરકારને પડકારી.આઝાદીની ચળવળના કારણે તેમને જેલ પણ ભોગવવી પડી હતી.જેલવાસ દરમિયાન તેમને કેટલાક રાષ્ટ્રીય નેતાઓનો સંપર્ક થયો. 'ભારત છોડો' આંદોલનમાં ભાગ લેવાના કારણે તેમણે ફરીથી જેલવાસ ભોગવ્યો હતો. 'હરિજન બંધુ' સામયિક પર અંગ્રેજોએ લગાવેલા પ્રતિબંધને તેમણે હટાવ્યો હતો.અંતે તેઓ ગૃહસ્થીના પંથે પડી પશુ દવાખાનામાં ડોક્ટર બન્યા અને સફળ ચિકિત્સક તરીકે નામના મેળવી હતી.

**સુરેશભાઈ હરિપ્રસાદ જોષી :**

જન્મે વાલોડના પણ સોનગઢ નગર સાથે સામાજિક-સાંસ્કૃતિક સંબંધોથી ગાઢપણે સંકળાયેલાં સુરેશ જોષી આપણા ગુજરાતી સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર

હતા.સાહિત્યમાં આધુનિકતાવાદના પ્રણેતા સુરેશ જોષીએ 'ગૃહપ્રવેશ', 'બીજી થોડીક', 'અપિ ચ','ન તત્ર સૂર્યો ભાતિ','એકદા નૈમિષારણ્યે' જેવાં વાર્તાસંગ્રહો; 'છિન્નપત્ર' અને 'મરણોત્તર' જેવી નવલકથાઓ તથા 'ઉપજાતિ','પ્રત્યંચા','ઈતરા' અને 'તથાપિ' નામના કાવ્યસંગ્રહો આપ્યા છે.આ ભૂમિ સાથે જોડાયેલા પોતાના સંસ્મરણોને આલેખતો તેમનો નિબંધસંગ્રહ 'જનાન્તિકે' ખરેખર માણવા જેવો છે.

**શ્રી ઝીણાભાઈ દરજી :**

તેમનો જન્મ ૨૪મી મે ૧૯૧૯માં વ્યારા મુકામે થયો હતો.શરૂઆતમાં તેમણે વ્યારા હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરી હતી,બાદમાં તેઓ જુગતરામ દવે સાથે વેડછી આશ્રમની જાહેર સેવાની પ્રવૃત્તિમાં જોડાયા હતા.તેમણે ઇ.સ.૧૯૫૭માં તાલુકાની 'શિક્ષણ સંસ્થાઓ' અને સેવા પ્રવૃત્તિ માટેની સંસ્થા 'ગ્રામ સેવા સમાજ વ્યારા'ની સ્થાપના કરી હતી.આ ઉપરાંત તેમણે વ્યારા ખાતે ખેડૂત સહકારી જીન,દક્ષિણાપથ વિવિધલક્ષી વિદ્યાલય તથા ઉકાઈ પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીની સ્થાપના કરી હતી.તેઓ રાજકારણમાં પણ સક્રિય રહ્યા હતા.ઇ.સ.૧૯૮૦માં રાજ્ય સરકારના ૨૦ મુદ્દાના તેઓ અધ્યક્ષ બન્યા.ઇ.સ.૧૯૮૮માં ધરમપુર પ્રદેશને વિકસાવવાનો પ્રોજેક્ટ શરૂ કર્યો.ઇ.સ.૧૯૯૪માં રાષ્ટ્રીય આદિવાસી હરિજન પંચના અધ્યક્ષ બન્યા.તેમણે નશાબંધી અને અસ્પૃશ્યતા નિવારણની પ્રવૃત્તિ પણ શરૂ કરી હતી.વર્ષ ૨૦૦૦માં તેમણે પુનઃ દક્ષિણાપથ વ્યારાની કાયાપલટ કરી.આમ તેઓ સમાજસેવાની રચનાત્મક પ્રવૃત્તિમાં અંત સુધી સક્રિય રહ્યા હતા.

**જુગતરામ ચીમનલાલ દવે :**

બારડોલીમાં ઇ.સ.૧૯૨૮માં ના કરની સવિનય કાનૂન ભંગની લડત ચાલતી હતી.ત્યારે ગાંધીજીના આગ્રહને વશ થઈને જીવણદાદાએ કાંતણ વણાટની પ્રવૃત્તિ ચાલુ કરી.અહી અહિંસક સૈનિકો તૈયાર કરવાની પ્રવૃત્તિ ચાલતી.જેમાં જુગતરામભાઈ સેવા કરવાના હેતુથી જોડાયા.ઇ.સ.૧૯૨૬માં વેડછી આવીને વસ્યા.કપાસ પીલવો,પુણી વાળવી,કાંતવું,વણવું વગેરે શીખવામાં પ્રવૃત્ત થયા.આ પ્રવૃત્તિઓ માટે સાધન સામગ્રી સાથે ગામડે ગામડે જવાનું થતું.સાથે સાથે લડત માટે લોકોને તૈયાર કરવાનું ચાલતું હતું.તેથી વેડછી આશ્રમ સરકારને કણાની જેમ ખૂંચતો હતો.આખરે સરકારે આશ્રમ જપ્ત

કર્યો.જુગતરામને તડીપાર કરવામાં આવ્યા.તેઓ જેલની સજા મેળવવા સામે ચાલીને કારણો ઊભા કરતા.જેલમાં પણ જુગતરામભાઈ આશ્રમી પ્રવૃત્તિ કરતા.જેમાં રસોઈ,પ્રાર્થના,નિરક્ષરને અક્ષરજ્ઞાન વગેરેને મહત્ત્વ અપાતું.જેલમાં તેમણે ‘વ્હાલુડી વેડછી’ અને ‘અંતરપટ’ જેવાં કાવ્યો રચ્યા.વેડછી આશ્રમનું વટવૃક્ષ સ્વતંત્રતા મળતા સુધીમાં નઈ તાલીમની કેળવણીથી વિકસી ચૂક્યું હતું.એમાં બુનિયાદી શિક્ષણના પ્રયોગો શરૂ થયા,જે આજે પણ પોતાના સેવાકાર્યની સુવાસ ફેલાવી રહ્યું છે.

**અમરસિંહ ચૌધરી :**

શ્રી અમરસિંહભાઈ ચૌધરી સમાજના અગ્રણી રાજકારણી હતા.તેમનો જન્મ ૩૧ જુલાઈ,૧૯૪૧માં થયો હતો.ભણવામાં અવ્વલ ગણાતા અમરસિંહભાઈએ સિવિલ એન્જિનિયરિંગની ડિગ્રી પ્રાપ્ત કરી હતી.જૂન ૨૦૦૧ થી ૨૦૦૨ સુધી તેઓ ગુજરાત કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે રહ્યા હતા,અને ઇ.સ.૧૯૮૫ થી ૧૯૮૯ સુધી તેઓ ગુજરાતના મુખ્ય પ્રધાન રહ્યા હતા.

*****